
શ્રી બહુચરાજી માતાએ છોડીનો છોકરો કર્યો તે

શ્રી સોળંકી વિજય

નાટકનાં ગાયનો.

શ્રી બહુચરાજી સત્ય સમાજ મંડળી માટે

છપાવી પ્રસિદ્ધ કરનાર
ઘાંચી કેશવલાલ મગનલાલ.



રચનાર,
રામપુરી ઉંકારપુરી.

કિંમત બે આના.

શ્રી પરમાત્માય નમઃ

શ્રી

સોળંકી વિજય

નાટકના ગાયનો.

શ્રી બહુચરાજી સત્ય સમાજ મંડળી માટે

રચનાર,

સ્વામી રામપુરી ઉંકારપુરી

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ઘાંચી કેશવલાલ મગનલાલ

આવૃતિ બીજી પ્રત ૨૦૦૦

સને ૧૯૦૬ સંવત ૧૯૬૨

અમદાવાદ.

ધિ "ચિમનલાલ" પ્રિન્ટીંગ પ્રેસમાં છાપ્યાં.

કીંમત ૨ આના

પાત્રોના નામ.

સુત્રધાર.........નાટકાચાર્ય

નટી...............સુત્રધારની સ્ત્રી

વિજયસીંહ......સોળંકી વંસનો રાજા તથા કાલરી ગામનો દરબાર

ચંદ્રપ્રભા........વીજયસીંહની સ્ત્રી

સત્યવ્રતી.........ચંદ્રપ્રભાની દાસી

તેજમલ............ { વીજયસીંહની પુત્રી પછી તળાવમાં નાહ્વાથી પુત્ર થયો તે }

મહીપતસીંહ......પાટણનો રાજા

વિમળમતી.......મહીપતસીંહની રાણી

તેજબા......મહીપતસીંહની પુત્રી

શુરરાજ.........લુટારાનો સરદાર

ફુકડલાલ.........એક તીરીબાજ જુગારી

મથુરચંદ.........એક લોભીયો વાણીઓ

મણીલાલ.........મથુરચંદનો છોકરો

વિલાસકળા.........ફુકડલાલની રાખેલી નાયકા

તે સીવાય કંચનીઓ લશ્કર દરબારીઓ બારોટ સાહેલીઓ લુટારાઓ વિગેરે વિગેરે

નાટકનો ટુંકસાર.

અંક ૧ લો.

પ્રવેશ ૧—સુત્રધાર તથા નટી ઇશ્વર પ્રાર્થના

પ્રવેસ ૨—વિજયસીહનો દરબાર પુત્ર વીસે અફશોસ કરનો તથા પ્રધાને ધીરજ આપી શાન્ત કરવા.

પ્રવેસ ૩—ફુકડલાલનો કોઇક આંખોનાં આંધળાને ખીસાના તરને હૈયાના ફુટેલાને ફંદામાં નાખવાનો વીચાર ને જોગી થઇ ખોળતું.

પ્રવેસ ૪—વિજયસિહનો રાણીવાસ, રાણી ચંદ્રપ્રભાનું પુત્ર વાસ્તે અફસોસ કરતું, દાસીએ સમજાવવું પછીથી વીજયસીંહનું પ્રવેશ થવું રાણીને શાન્ત પાડવી, બને જણે ઇશ્વર પ્રાર્થના કરવી, પછીથી રાજાએ શીકારે જવા માટે રજા લેવી.

પ્રવેશ ૫—વિજયસીહને લસકર લઇને સીકારે જવું

પ્રવેસ ૬—સુરરાજ પોતાના તાબેદાર લુંટારાવોને લઇ પાટણમાં લુટ કરી ગીરનાર તફર રવાને થવું તે વીસેનું બીવેચન.

પ્રવેશ ૭—મહીપતસીંહ પોતાનું લસકર લઇ સુરરાજ લુટારાની ખોળમાં નીકળી પડવું.

પ્રવેશ ૮—જંગલમાં મહીપતસીહ તથા વિજયસીહની મુલાકાત તથા બનેની સ્ત્રીઓને ઓધાન રહેલું તે લગન સબંધી વાત ચીત તથા એક એકને અરસ પરસ વચન આપવું,

પ્રવેશ ૯—વીજયસિહની સ્ત્રીને પુત્રી થએલી પણ દાસીને પુત્રની

વધામણી આપવા રાણીનું મોકલવું તે વીસે દાસીએ ખોટું બોલવા બાબત અફસોસ કરવો.

પ્રવેસ ૧૦—વીજયસીહની કચેરી પુત્ર સબંધી દાસીએ વધામણી આપવી કંચનીઓના નાચ ખુશાલીની શાકર વેંચાવવી વીગેરે તથા ગાદી ગોરનું આવવું નક્ષેત્ર જોવા.

પહેલો અંક સમાપ્ત.

અંક બીજો.

પ્રવેસ ૧—પાટણ મધે બગીચા માંહી તેજબા તથા સાહેલીઓ ગહીબો ગાય છે પછી ઠઠા મશકરી વીગેરેની વાતો, તેજબાને પતી મળવા સબંધી વીચાર.

પ્રવેસ ૨—વિમળમતી તેજબાના લગન સબંધી પોતાના પતી મહીપતસિંહને પુછવું, મહીપતસિંહે જંગલમાં વીજયસીહ સાથે ઠરાવ કરેલો જાહેર કરવો, અને કાલરી ગામ પત્ર મોકલવો લગન સબંધી.

પ્રવેસ ૩—રામલો સોમલો વિઠલો તથા મેઘલો રાજાને ત્યાં લગન થાય છે તેથી ખુશી થવું ને મજા કરવી.

પ્રવેસ ૪—કાલરી ગામમાં સાહેલીઓ ગાય છે,અને જાનમાં જવાની તૈયારી,વીજયસીંહના પુત્રને પરણાવવા જવાને ઠરાવ.

પ્રવેસ ૫—પાટણમાં મહીપતસિહને ત્યાં લગનની ધોમધુમ સાહેલીઓને ગાવું તથા તેજમલ સાથે તેજબાના લગન કરવાની ખુશાલી.

પ્રવેસ ૬—તેજબાને સાસરે દાસીઓ વળાવે છે તથા શીખામણ આપે છે વીગેરે.

પ્રવેશ ૭—અશુરચંદે હરામનો પૈસો ભેગો કરેલો ને હરામમાં ગ-
યો તે સબંધી અફસોસ હરામનું હરામમાં જાય પા-
પી હાથ ઘસતો થાય.

પ્રવેશ ૮—વીલાસકળા ગુણકાનો મહેલ ફકડલાલને પ્રવેશ થવું
પછીથી દારૂ પીને લાસ થવું વીલાસકળાએ કપડા ઉ-
તારી લઈ કાળુ મો કરી ગટરમાં નાખવું.

પ્રવેશ ૯—તેજબાનો મહેલ પછીથી તેજમલને પ્રવેશ થવું તથા
નીરાસ થઇ ઇશ્વર પ્રાર્થના કરવી તેજબા અતીસે પ્યાર
બતાવે છે તો પણ તેજમલ નીરાસ, અંતે પસતાઇને
હું સ્ત્રી છું એવું તેજબા આગળ જાહેર કરવું.

પ્રવેશ ૧૦—તેજબા પોતાની સાહેલીઓ લઈ અફસોસ કરી પોતા-
ના પીતાને મળવા જવા તૈયારી કરવી અને સ્ત્રી સાથે
પરણાવવા વીશે અફસોસ કરવો.

અંક બીજો સમાપ્ત

અંક ત્રીજો.

પ્રવેશ ૧—તેજબાને પાટણમાં પહોંચવું અને ત્યાં પોતાની સખીઓ
ને ઉદાસી માલમ પડવાથી પુછવું પછીથી મહીપતસીંહને
તથા વિમળમતીને આવવું તેજબા પોતાના માત પીતા આ
ગળ સ્ત્રી સાથે પરણવવાની હકીકત બતાવી દીલગીર થવું.

પ્રવેશ ૨—મહીપતસીંહ દીલગીર થઈ ક્રોધાયમાન થઈ પોતાના જમા-
ઈની પરીક્ષા લેવા પાટણ બોલાવવા વાસ્તે સીપાઇને બો-
લાવી કાગળ વીદાય કરવો.

પ્રવેશ ૩—પટાવાળાને કાગળ જવું અને કચેરીમાં કાગળ આપવો અ-

ને તેજમલને સાથે લઇ જવા હકીકત જાહેર કરવી વિ-
જયસીહએ પોતાના પુત્ર તેજમલને સીપાઈ સાથે પાટણ
રવાને કરવો.

પ્રવેશ ૪—પાટણમાં બગીચામાં ઉતારો આપવો ત્યાં રાજા મહીપત-
સીહની દાસીઓએ સ્ત્રી છે કે પુરૂષ તે વીસે નહરાવવાનું
બાનુ કાઢી તેજમલને કહેવું તેજમલે નહવરાવવાની આના
કાની કરવી અને નાસવાનો વીચાર કરવો એટલામાં મ-
હીપતસીહને બાગમાં જઈ પોચવું અને સરદારોને પક-
ડવા હુકમ કરવો અને પકડતા પકડતા તેજમલએ ઘોડો
કુદાવી નાસી જવું.

પ્રવેશ ૫—તેજમલે જંગલમાં તલાવડી ઉપર અફસોસ કરી પ્રભુ
પ્રાર્થના કરવી પછીથી તળાવમાં નહાઈ કટારી ખાઈ મર-
વું એટલામાં તળાવમાં કુતરી તથા ઘોડીને લઇ નહાવા
પેસવું નહાવાથી કુતરીનો કુતરો થયો ઘોડીનો
ઘોડો થયો અને સ્ત્રીનો પુરૂષ થયો આસપાસ જોતાં
માજીનું ત્રીશુળ નજરે આવ્યું તેથી માતાજી પ્રસન્ન
થયાં એમ જાણી માતાજીની સ્તુતિ કરવી.

પ્રવેશ ૬—તેજમલ કાબરીમાં આવી પોતાના પીતાને પાટણની હ-
કીકત જાહેર કરવી, પછી પાટણ ઉપર ચડાઈ કરવી.

પ્રવેશ ૭—પાટણ જઇ મહીપતસિંહ ઉપર વિજયસિંહે કોપાય-
માન થવુ, મહીપતસિંહે જાહેર કરવું કે મારી પુત્રી
ભુલી ગઇ તેથી માફ માગવી, પછી તમામ ભેગા થઇ
પરમેશ્વર પ્રાર્થના કરવી.

સમાપ્ત.

શ્રી સોળંકી વિજય નાટકના ગાયનો.

ગાયન ૧ રાગ સમરામી શંકર ગીરજાપતી.

સુત્રધાર—ભજુ હુતો ભાવે સદા ભગવતી,
ખડગ ચક્ર ત્રીશુળ ધારણી;
મારણી, તારણી, ઉગારણી, શુભમતી. ભજુ
કાર્ય મુજ આ સફળ કરવા આપો માજી શુભમતી,
જીભ્યાએ મુજ પ્રસન્ન થાજો આપ માજી સરસ્વતી,
રસના દાયક થજો અમને
શુભ મતી, તુજ ગતી, નવરતી, ફળથતી. ભજુ

નટી— ગાયન ૨ રાગ નવીન.

નીસ દીન ધ્યાન ધરો શ્રી હરીનું જાસો મોક્ષ વાટે......જગતમાં
ખોટી માયા પડતી મુકી કરો ભક્તિ સીર સાટે,......જગતમાં
ધન્ય ધન્ય શુરા થજો સૌ ધર્મી પુરા,
સંકટ વખતે અભય વચન દે પરમારથી પુરા, ...જગતમાં
અધવચ લાલચને લટકાવે શીશ મુકે શુરા...........જગતમાં
સત્ય સત્ય સમજો, મિથ્યા અભીમાન નવ કરજો નીસ૦

કુમારીઓ— ગાયન ૩ રાગ નવીન.

નીપુણ ન્યાયમાં નગર નરેશ,
મહી પતી શુરવીર ભારે.

પ્રબળ સબળ સ્વરૂપે સુંદીર,
દુશ્મી સમઝો મારા ચિર છોરે;
સૌ હરનારી, તન પર વારી.
જગ સરદારી, જોઈ હરખે,
છે જગ સારી, કિરતી તમારી;
ધર્મ કામમાં, એક સરખે,
તનનન તોમ તોમ, નાચ્યો કુદો રૂમ ઝુમ,

આશુબારોટ— કવિત ૪

રાણી જાએ રજપુત વો, ધન્ય પ્રતાપ સુધીર
મરતે લગ મજબુત રહ્યો, કનક ન હોત કથીર
માત પિતાને ભેજીએ, બનવા શે રઘુવીર
ગભરાવે નહીં અંત વો, કનક ન હોત કથીર
અમીરાઈ જીસને કરી, વાહી કે પુત્ર અમીર
ખરચે હક આપત નહી, કનક હોત કથીર
ચકોર ચંદ્ર તજત નહી, પિવે ન ચાતક નીર
એઠ મીલે નહી નેકમે, કનક ન હોત કથીર
તજે ન શ્રીયળ સુંદરી, તજે ઝેર નહી તીર
સેવતી સુગંધ તજે નહી, કનક ન હોત કથીર
પિંજારે કે પુત્ર સે, કયો હોવે બઝીર
બીન હાકમ કયા હાકમી, કનક ન હોત કથીર
તાડીમે "જળ" ભેળદો, તજે ન આપ ખમીર
કેઈ બસ કયા દુઃખ, કનક ન હોત કથીર
બગલા ખુશ ખુલસે જબે, હંસ સુંદર શરીર

કલાસે લાવે કંઠ વો, કનક ન હોન કથીર
ધર્મ સ્થિર મતી ધીરહો, દાન સ્થિર શુરવીર
અચલ રહો અવની ઉપર, વિજયસીંહ સુ ધીર

વિજયસીંહ— ગાયન ૫ રાગ દક્ષીણી સાખી

ધીક ધીક જીંદગી મારી આ રારી
સુજ નથી કાંઇ પડતી
વાંઝીયા મુખથી કહે છે સૌ કોઇ
કર્મ પિંટા બહુ નડતી
સહાય ત્રીપુરારી, પુરો આશા હવે મારી

દ્રસ્ટબુધ્ધી પ્રધાન— ગાયન ૬ રાગ સદર

ધીરજ ધરો મહારાજા મનથી
વિધીએ લખ્યું તે થાય.
કરોડ વિચાર કરી જુઓ પણ
ચાલે ન એક ઉપાય.
શાને શોચ કરો, દીલે વિચાર જરીતો ધરો
ગાયન ૭ રાગ હુ તો કેસો ખબરદાર.

ફુકડલાલ તીરીબાજ જુગારી—

હુ તો દંગાઇનો કરનાર, પાસે પૈસા નહી લગાર,
ફરૂ અહીં મારો રોજગાર, દાવ પડશે અવળા પાર
હું લોભીયાનો સરદાર, મારે મારો છે વેપાર.
આવે હાથ કોઇ ગમાર, ત્યારે તગદીર તો ખુલનાર

ભાઇ આવો — અહાહા
ધુમ મચાવો — અહાહા
શીનુ બનાવો — અહાહા
દારૂ ઉડાવો — અહાહા
બનુ હું બાવો — અહાહા
કિમીયો બનાવો — અહાહા

દાસી સત્યવતી—ગાયન ૮ રાગ સુંદીર શામળીઆ.

રટણ કરે રમણી, મનમાં રહેત ઉદાસી
પ્યાસી પુત્ર તણી, પ્રેમદા દેહ સુકાસી
હરનીસ રટણ કરે, શ્રીહરીનું
થશે સહાય, અવિનાસી — રટણ
દ્રોપદીના ચીર પુરી, અહલ્યાને ઉગારી
તારી મીરાં પ્યાસી — રટણ

ચંદ્રપ્રભા રાણી—ગાયન ૯ રાગ અબ ચયેન મોહન તેરા.

દીધું કલંક [૨] પ્રભુ મને ભારી, સહાય થજો તમે મોરારી
કરૂં વિષન (૨) દેહ તજું મારી, સહાય થજો તમો મોરારી.
નવ મેણું ખોટુ ખમાય; વાંઝીયા મેણું મોટું હાય.
કરૂ હાય હવે શો ઉપાય, જીવ ઘભરાય, મન મુંઝાય,
દેહ તજુ દાય, દાસી પ્રીય મારી, સહાય થજો તમો મોરારી.

વિજયસીંહ—ગાયન ૧૦ જલદી કહેને તું પ્યારી મારી.

પ્રીય કેમ દીસો છો ઉદાસ
આવી કહો પાસ, કહો પાસ, કહો પાસ. — પ્રીય૦

કાશે કિધું વચન, તેનું કરૂ વિધન.

કહોને કહોને લાવી ઉલાસ. પ્રાચ.

ચંદ્રપ્રભા—ગાયન ૧૧ રાગ શાણી સુખ જગતમાં શું.

કહુ કર્મ તણી શી કહાણીરે
બધુ રાજ ને પાટ ધુળધાણીરે
ધીક પુત્ર વિના જીંદગાનીરે
સ્વામી મારા સુખ ક્યારે પ્રભુ આપશેરે. કહુ

સાખિ.

સંસારમાં જન્મ લઇ, એળે ખોયો અવતાર,
વાંઝીયા મુખથી સૌ કહે, કોઇ આવે નહિ મુજ દ્વારરે
સ્વામી મારા સુખ ક્યારે પ્રભુ આપસેરે. કહુ

ગાયન ૧૨ રાગ પુર્ણ થયો છે ખેલ.

વીજયસીંહ તથા ચંદ્રપ્રભા—

આશા પુરો મારી ઓ જગ દેવા, આશા પુરો મારી
ગજ અને ગ્રાહ લડયા પ્રાણીમાં, સહાય થયાછો મોરારી. ઓ.
બળતી અગનીમાંથી પહેલાદ ઉગાર્યો, તાપ અડયો ન લગારી ઓ,
થંભ ફાડી હરણાકંશ માર્યો, નરસીહરૂપને ધારી ઓ.
ભીલડીના બોર સુદામાના તાંદુળ, રૂચી ખાધા ગીરધારી ઓ.
દુરીઓધનના મેવાને ત્યાગી, શાક ખાધુ વિદુરનીજ ધારી ઓ.
કૌરવ પાંડવ યુધ થયું ત્યારે, કૌરવ માર્યા વિચારી ઓ
ભરી સભામાં લજયા તો રાખી, ઉગારી દ્રૌપદી નારી ઓ.
સેવક તમારી વિનંતી કરે છે પુરજો આશા અમારી ઓ

લશ્કર— ગાયન ૧૩ રાગ ઇંગ્રેજી.

બોલો જય જય જય જય કરીને પોકાર
લઇ તલવાર, આની વાર, સૌ સરદાર, કરો શીકાર.
બોલો જય જય જય જય, કરીને પોકાર
કરો જંગ મચે રંગ, ચાલો સંગ, પીયો ભંગ
બોલો જય જય જય જય, કરીને પોકાર
ખંજર બિછવા બંદુક, કરશો નહિ ભુલચુક. બોલો.

મથુરચંદ— ગાયન ૧૪ રાગ સુજાત અમો ધાંચજા

સુજાત અમો વાણીઆ, દુનીઆમાં સૌથી સુજાત
પૈસો ટકો મુજ પાસે ઘણો છે, હવે નથી કાંઇ ખાંત. સુજાત
પરમેશ્વરે બે છોકરા આપ્યા, મોટા નીકળ્યો કુમજાત. સુજાત
ઘરમાંથી બહુ ચોરી કરીને, આપે રાંડોને ખરી ખાંત, સુજાત

સુરરાજ— ગાયન ૧૫ રાગ ઇંગ્રેજી.

લાવ્યો માલતો અપાર, લુંટી શેઠ સાહુકાર
હું છું ચોરનો સરદાર, શુરવિર
લુંટું હાટ ને બજાર, કરૂ કેકની ખુવાર
મારૂ મોટાઓને ઠાર, ધરીધીર
તાબે ચોર છે હજાર, લાવી ભરે છે ભંડાર
હું છું સૌનો સરદાર, ધીરવિર

મહીપતસીંહ—ગાયન ૧૬ રાગ જનેવાળી જાને કીસ નાદાન.

શુરરાજ પુનીને મારૂ હું ક્રોધ ભારી
બતાવી ગયો જોર ભારી, કરૂ હું તેની ખુવારી સુર૦
દાવ પેચ કપટ જાળ, ભર્યો છે કેક મારા તનમાં

નીચ તારો આવ્યો કાળ, જાણજે તું તારા મનમાં
મારૂં હું લો, નીચે મારૂ, પકડીને તેને સંહારૂ   શુર.

શામંત— ગાયન ૧૭ રાગ દુષ્ટો દુશ્મનને મારશું.

અમો દુષ્ટો ચોરોને મારશું તલવાર અમો
શુ જુવો છો રાજા શીર છત્ર નામદાર
સર્વેને જલદી હુકમ આપી દો સરકાર
લડવા સર્વે શુરા છે તૈયાર (૨) દુષ્ટો
શું વિચારો રાજા ક્ષત્રીઓના નેક ટેકથી
શુરરાજ ખુનીને, શુરરાજ ખુનીને
કરશું જલદી સર   દુષ્ટો

સરદારશીંહ— ગાયન ૧૮ રાગ જેણે ધર્મ તજ્યો પોતાનો.

તમો વિનતી સુણો મહારાજા
આવે મળવા અમારા રાજા   તમો
ધરમ કરમમાં પુરા પ્રાક્રમી
વિજ્યસિંહ અમરાય
એ તો આવે પ્રાંત આંય   આવે

મહીપતશીંહ— ગાયન ૧૯ રાગ જોવા ને જાવો ને ભાઈ

આવો ને આવો ને મીત્ર મારા
વિજયસીંહ મારા પ્રાણથી પ્યારા
તમ દરશણથી સુખી થનારા   આવોને

ગાયન ૨૦ રાગ આજ્ઞા સધે સીરધારી

હુ તમારો આભારી, ઓ મીત્ર મ.રા   હું હુ

સદા, સારી, રીતે, થાવો સદા સુખકારી, એ
રાજ તાજ તપે ભારી, જગતમાં કીરતી પસારી
પ્રીતી રાખી બહુ સારી, એ મીત્ર મારા ફુંકુ

સત્યવતી— ગાયન ૨૧ રાગ શુ કામ તણી બલીહારી

શુ કર્મ તણી ગતી ભારી
આવ્યું સંકટ શીરપર ભારી. શુ કર્મ
પુત્રી પેદા થઈ વીજયસીંહ ઘેરે
કહેવા મોકલી રૂડી પેરે
કહેજો પુત્રનું નામ વિચારી. શુ કર્મ

કન્યાનીઓ—ગાયન ૨૨ રાગ પનીયા ભરન કેસે જાવું સખી મેં

રતીયાં બાતાં કેસે કહુ સખી મેં (૨]
ખેલત, કુદત, રમત, ગમત, કરત, દીન રાત, કેસે.
ચલો સખી સબ મીલેકે મોહનકો
નહી રોકત, નહી ટોકત
દેખેકી સાથ સબ પ્યારસે લીપટીએ. કહુ
હીલ મીલ ચલે સબ જલ ભરનેકો
આયો મોહન, પ્યારો મદન
લીપટ ઝીપટ મોરી કમરીયાં લચકાઈ. કેસે

સત્યવતી— ગાયન ૨૩ રાગ ગુલાબી મધુપાજો

રાજાજી સુણો વિનતી અમારી આજ
કર્યું ઇશ્વરે સફળ સૈ કાજ. રાજાજી
પુત્ર પેદા થયો ઘેર તમારે, સીર તણો સીરતાજ
રંગીલો રસીલો હસીલો જમાઈ. રાજાજી

સહુ નગરમાં વેંચો વધામણી સાકર વેંચો આજ
હશીથી, ખુશીથી, રંગેથી, રસેથી. રાજાજી

વીજયસીંહ— . ગાયન ૨૪ રાગ અરે લાલદેવ ઇસ તરફ

અરે પ્રધાન મારા બની કેવી વાત
પુત્ર થયો પેદા અરે સાક્ષાત
આશા અમારી પુરી ઇશ્વરે
દયા સીંધુ વિભુજીએ કૃપા કરીરે
સાકર સૌ નગરમાં જલદી વેચાવો

રાજ જોસીને જલદી બોલાવી લાવ્યો.

ભાટીઆર— ગાયન ૨૫ રાગ શારદુલ વિક્રીડિત

શાન્તી સૌ જગમાં સદા થઈ રહી, આનંદ છાઇ રહ્યા
આપી જય જય કાર તુજ ઉપરે, ગુલાબ ખીલી ગયો
રહેજો અમર રાજ તાજ તુજનું, આશીશ આપું ઘણી
કરશે સુખ સદાય ઇસ તુજનું, મુખેથી વાણી ભણી

ગાયન ૨૬ રાગ દક્ષીણી સાખી

પુરો પ્રાક્રમી પુત્ર તમારો થાશે જગમાં સુરો
ધર્મ નીતીમાં નીપુણ્ય રહેશે
કોઈ વાતે નહી અધુરો
હરી સહાય થશે, સુખ શાન્તી વીજુ કરશે.

અંક ૨ જો.

રેજ઼બા તથા સાહેલીઓ—ગાયન ૧ રાગ ગરબી.

સાખી

શોભે રજની સોહામણી, આપે તેજ પ્રકાશ
ઉજ્વળતા જોઇ હરખીએ, વિરહણી નાંખે નીશાશ.
બની બહાર તે અપાર, સખી આજનીરે લોલ.
મારૂં મનતો મુઝાય પ્યારી સજનીરે લોલ
શોભે, મન લોભે, દીલ થોભે
કંચુકી કસો કારમીરે લોલ

સાખી

પ્રેમહા રંગ ઉછરંગમાં, નાંખે સ્વાસ નીસાસ
હરીયાળી ભુમી ભલી, સુંદીર સુગંદી સુવાસ
મોગરો માલતી ફુલી ખીલી છે
ગુલાબ ગુલદાવદીની બહાર બની છે
આપે સુગંધ અપાર, મોહ્યું મન મારૂં સજની

સાખી.

સૈયર ફરીએ પ્રેમથી , હરખી સૈ સંગાથ
લળી લળી આપો તાળીઓ, પ્રીતે હાથો હાથ
વીધ વીધ ભાતના ગજરા ગુંથાવું
પ્રેમ ધરી પતી પ્રભુને ચડાવું
ભાવે ભજુ ભગવાનરે, આશા પુરશે મોરારી

તેજબા— ગાયન ૨ રાગ નવીન

મન ગમતા ક્યારે મળશે, મુજ મનની મમતા ટળશે

શાહેલી—તુજ પ્રીત હવે ચળ ચળશે, તુજ આશા સર્વે ફળશે
સરમાય શું, ગભરાય શું, ભમાય શું, શોભાય શું
તુજ વિરહ હવેવળ વળશે, મન અમીત ભાવમાં ભળશે

તેજબા—વીચારતું, શણગારતું, નાદારતું, ધીક્કારતું.
મુજ આશા ઇશ્વર પુરશે, મુજ હૃદય વાસમાં બળશે

સાખી.

વીરહ વેદના બહુ પીડે, સુઝે નહી હવે કાંય
શાહેલી—શાંન્ત થાતુ સુલક્ષણી, શ્રી હરી કરશે સહાય
મન પ્રેમ પાઠ જ્યારે કરશે, તુજ પ્રીત ત્યારે તો ઠરશે
તેજબા—લાચારછું, બેજાર છું ગમાર છું નાદર છું, મન

ગાયન ૭ રાગ નવીન

શાહેલિ—જોને વેલી, પ્રેમ છકેલી, હાં, હાં, કેવીરે ઉતાવળી
તેજબા—છટ છટકેલી, મનમાં મેલી હાં, હા, કેવીરે ચબાવલી
શાહેલિ—લાળુ લાડી, વહારે વહારે, વહારે.
તેજબા—કેમનડાનાં, લાગે લહાયરે, લહાયરે
શાહેલિ—શરમાતી કરે શું ચાળા. ભણેલી મદન શાળા.
તેજબા—મરમ વચન સીદ બોલે તું
શાહેલિ—એ એ ડોલે તું
તેજબા—ચાએ બોલે તું
શાહેલિ—વહારે, વિરહણી બાળા
તેજબા—મુરૂ સમજ્યા વિન બુઠી પાડે તું..........જોને વેલી

વિમળામતી—ગાયન ૪ રાગ અરે બેસી જલદી કહે

અરે પ્રાણુ મારા, કહું એક વાત
ઉમર યોગ પુત્રી, થઈ સાક્ષાત
લગ્ન માટે નીશ્ચય કરવો   અરે
આશા સર્વે, આપણી પુરી થશે
વરએ ખુબ લાવો, એ થયો વિચાર
માટે રાજ બેસીને કરો તૈયાર

અજીતસીંહ— ગાયન ૫ રાગ મેતો શાહજાદેકું ઢુંડન

પ્રીય મારી હવે નહિ, દીલગીર થા
લગ્ન સબંધી મેં નક્કી કરયું છે
પત્ર પહોંચાવું જલદી ત્યાં   પ્રીય
વિજયસીંહના પુત્ર સાથે
ઠરાવ કર્યો મે, જંગલમાં   પ્રીય
લગ્ન સબંધી, સામગ્રી મંગાવું
માંડવો રચાવું પ્રીતે અહીંઆં   પ્રીય

ગાયન ૬ રાગ મીત્રો આજ કેવી છે લહેર

રામલો-ભાઇઓ આજ કેવી છે લહેર, લાડું ખઈશું રૂડી પેર
શામલો-થઈ છે ઇશ્વરની તો મહેર, પછી ઉડાવીશુ ખુબ લહેર
મેઘજી- પોતીયું પાઘડી અંને પિછોડી, લાડી જઈશું આજ
વિઠલો-ઇનામ મળશે આપણને બહુ પ્રસન્ન થશે મહારાજ

આકાશ કંઠેલો   ભાઇઓ

શાહેલિઓ— ગાયન ૭ સવ ધોળ

દેખો શુભ સમય દીન આજનો
આજે પરણે સોલંકી કુમાર, આનંદ દીન આજનો
વાજાં અનેક પ્રકારના વાગે છે
મનમાય ઉમંગ નમાય, આનંદ દીન આજનો
સુત્રી રૂડી છે, પરમારની
લેવા જાય સોલંકી કુમાર, આનંદ દીન આજનો
દેશ દેશના રાજવી આવશે
શોભા જામસે અપરંપાર, આનંદ દીન આજનો
રૂપ ગુણ તણા જાને પુર છે
મળી સરખા સરખી જોડ; આનંદ દીન આજનો

શાહેલિઓ-- ગાયન ૮ સરા વિછીવાનો

માલણ ગુંથી લાવ ગુણીઅલ ગજરો
તારા ગજરાનો આપીશ મજરો — માલણ
ગુંથ ચંપો ચંબેલીને મોગરો
આપે સુંદીર સુગંધ સુવાસરે — માલણ.
જાઈ જુઈને સેવતી નાખજે
ગુલદાવદી સાથે ગુલાબ — માલણ.

શાહેલિઓ- ગાયન ૯ રાગ પાતલી પૂંજો હવે જાવ

બેની તમો સુખે જાઓ સાસરે
મુંઝાશો નહી જરા તમો મનડાની માય. — બેની
પતી તણી પુજા પ્રેમે કરજો
શાંન્તી કરશે તમોને જગદંબમાય. — બેની

સમશ્રા સાસુ માત પીતા સંમભાજુને
પ્રીતે સેવા એમની કરજો સદાય,   બેની
દુઃખ સુખ દીલે સરખું જાણીએ
કાગળ પત્ર અમોપર લખજો સદાય.   બેની
મધુરચંદ—ગાયન ૧૦ રાગ સીવાજી સુરવીર પ્યારા મારા
નીચ કતે મેળવેલા પૈસા, નીચ કામમાં જાય
અધર્મ કરી મેળવેલી લક્ષ્મી, સુભ રસ્તે કેમ વપરાય
ધર્મ કામમાં મૈ નવ દીધી, બહુ પરસ્તાવો થાય
છાતી ઉપર બાંધીને ફરતો, તોયે ગયું તે હાથ
શું કરૂ અરે, જીવ મારો બહુ ધરે,
શું કરૂ ઉપાય, તેથી મન મુજ ઠરે.
વીલાસકળા ગુણકા—ગાયન ૧૧ રાગ છોડો છોડો છબીલા
આવો આવો છબીલા મારા નેણે વસીલા
પ્યારા રસીલા મુજ દીલદાર
વહાલા પ્રીત તણા છો ભંડાર
ઝાણા હૈયા કેરો મુજ હાર
ફકડલાલ—વાહવા વાણી રસીલી તારી, ચેહેરો અમકાવે પ્યારી
હૈયા કેરી મુજ હાર
તેતો મારી છે નેન કટાર
કીધો ઘાયલ મને તો અપાર   વાહવા
વીલાસકળા—તન મનથી માળા જપું, આપ તણી પ્રીય સ્વામ
સુખ સઝધી આપની, મુજ મનના વિસરામ
રમો રંગે હસીલા, મારા હૈયે વસીલા

તમે સલુણા સુંદીર સ્યામ
કરો મોજ મજા તો તમામ
રટું હરનીસ તમારૂં હું નામ

મદનકળા તથા પ્રેમકળા—ગાયન ૧૨ રાગ પુંજી—હુતો પ્રીતે બહુચરમાત

ગુલાબી મધુ પીયોને દીલદાર
છો હૈયા તણા મુજ હાર; આપો આનંદ સુખ અપાર. ગુલાબી
સુંદીર પ્યાલો પ્રેમનોરે, પીવો તમે દીલદાર;
પાવું પ્રીતે આપનેરે, આપે સુખ અપાર. ગુલાબી
છેલ છબીલા પ્રાણ મારા, ગુણ તણા ભંડાર
પ્યાલો સ્વરગનો સાથીડોરે, શીશો દુખ હરનાર. ગુલાબી

તેજબા— ગાયન ૧૩ આજ સ્યામ મોહીલીનો

આવોને પ્રાણ મારારા, જપુ હું સદા તમને
જપું હુ સદા તમને, શાન્તી પમાડો અમને. આવોને
કામ રૂપ પુરણ જ્ઞાન, કામદેવ મુકે બાન
દાસી છુ હુ અજ્ઞાન, આપો આનંદ મુજને. આવોને
સુરપુર છો સુજાણ, જપુ હું જાપ પ્રીય પ્રાણ
વદોછો મધુરી વાણ, સુધા શુભાવો તનને. આવોને

તેજમલ— ગાયન ૧૪ રાગ ઓ રહીમાબા રઘુવીર.

ઓ જગ તાતા, તારો એક આધારજો
સરણે આવ્યા બાળકને સંભાળજોરે
શું કહુ કથની, કર્મ તણી કીરતારજો
તુજવીન મુજને નથી હવે આધારજોરે

—.ભુ દુઃખ વાદળ સીરે આજ મારા
સકે ન ખસાળે,, ઝુરે દીન દારા
દયા દીલે લાવો, અરે નાથ મારા
પ્રહેલાદ જેવા ભક્તોને સહાય થનારા
સતી દ્રોપદીના, પુર્યા હતાં તમે ચીરજો
ડુબત ગજને સહાય થયા રઘુવીરજોરે
નીજ બાળક પર, દયા કરો રણ ધીરજો
મુજ મન વસીયા સુંદીર સ્યામ શરીરજોરે

તેજબા— ગાયન ૧૫ રાગ રસીયા રસીક સરદાર

વહાલા દીલદાર, પ્યારા સરદાર
હૈયાના હાર, બોલો ભરથાર
સલુણા, સુંદીર સરદાર, ગુણી કુમાર, કરીને પ્યાર
કરૂણા, કરો કીરતાર, હૈયાના હાર, બની બેજાર,
બોલો, બોલો, બોલો બોલો,
સદા સુખકાર, છઉં હું નાર
દયા રાખનાર, તમો દીલદાર

તેજમલ— ગાયન ૧૬ રાગ ભેરવની ઠુમરી

આવી આવી દશા ખોટી આવી
સુઝ પડે નહી મુજને કાંઈ
મા બાપે દીધી ફસાવી. આવી
પળભર મુજને ચેન પડે નહી
શું કરૂ રહુ શરમાવી. આવી
સહાય કરોને આવી મોરારી
નીજ બાળક લીયોને બચાવી. આવી

તેજબા— ગાયન ૧૭ રાગ હસી હસી બોલોવાલા
રસીયા રીસાવો શાને છબીલા શરમાવો શાને
કરગરી કહુ પ્રીતમ તમને
હસીલા છોગાળા બેઠી જપે માળા, કરો શા આ આ ચાળા
આ આ આ પ્રાણપતી રસીયા.
પ્રીતીની છું કયારી, દયા અમપર ધારી, વીનતી સ્વીકારી
આ આ આ પ્રાણપતી રસીયા.

અંક બીજો સમાપ્ત.

અંક ત્રીજો.

સાહેલી— ગાયન ૧ રઢીઆળા રઘુવીર
બાઇ મારી ગુણ ગંભીર
શાણી રાણી શુર વિર
સિદને ઉદાસ થઇ. બાઇ
પ્રિત ધરી વાત કહો
શાંન્તી મન માહી લહો
સહાય થાસે રઘુવીર બા.ઇ
તેજબા— ગાયન ૨ રાગ પ્રીત કેવી લાગી પ્રેમથી.
દુ:ખ વાદળ છાયું સીરપરે (૨)
સુઝે નહીં મને કાંઇરે દુ:ખ
મરૂં શું હું સજની મારી
મુઆઇ ને મરૂ.
પ્રભુ સહાય કરો મુનેરે :ખ

સાહેલી— ગાયન ૩ રાગ પીયાકો સંદેસો કહીયે

અરે બેન રાખો ચેન દીલે તો ખરે

શાને કરે ઇશ્વરે અરે

સાખી.

ધીરજ ધરો મન વીશે, સહાય થસે જગતાત

માત તાત અહીં આવશે, કહેજે સઘળી વાત.

ગુણી બાળા ધીરજ ધરો, શાંન્તી મન માહી-કરો

જગ તાતને ઉચરો દયા સીંધુએ છે ખરો

બાને કહેજો સર્વેરે. અરે

તેજબા— ગાયન ૪ રાગ ઇંગ્લીસ

કહું શું વાત, દુઃખની માત, નારી શાથ, મને પરણાવી

નથી કુમાર, છે એ નાર, દુઃખ દરીએ મને ડુબાવી

બળ્યો અવતાર, મારો ધીક્કાર, હૃદય હોળી મુજ સળગાવી.

હું સ કુમારે, થઇ લાચાર, પરભવ પાપ, મળ્યું આવી

વિમળમતી—ગાયન ૫ રાગ ચીત લાગ્યું જોગીરાજથી

બેની ધીરજ ધરો મનમાય

જગ રાય કરશે તુને સહાય એની

વાત તારી બધી સમજી, વહાલી મારીરે

એને જલદી તેડાવું ઇયાંજ એની

તેજબા— ગાયન ૬ રાગ મારૂ જોબન વિતીજાય

મારૂ મન બહુ મુંઝાય માતુ ક્યાં જઇ ઠરૂ

ક્યાં જઇ ઠરૂ હુતો, ઝેર ખાઇ મરૂ.

વિમળમતી—

શાન્તી ધરજી દીકરી મારી, હાલ એને તેડાવું

તુજ પિતાને વાત કરી, એની ખરીક્ષા લહેવરાવું
નહુવરાવું એને ઉઘાડો કરી સારે દીલ ઠર

મહીપતસિંહ– ગાયન ૭ રાગ ભાઈ જાઓ
અરે જાવો, અનીનીચ પ્રપંચીને પકડી
ઝકડી અહીંયા લાવો   અરે
છળ કપટ કરીને તેણે, કન્યા અમારી લીધી એણે
તે પાપીને જલદી અહીયાં લાવો   અરે

શુરસીંહ– ગાયન ૮ રાગ તહીં નહી પોચી સહાય.
જાવું જલદી બોલાવાને ત્યાંય   જાવું
હુકમ આપનો સીરે ઉઠાવી. ઝટ બોલાવી લાવું
ત્યારે શાંન્ત મન થાય   જાવું
સીદ શોક તમો કરો મહારાજ, હાલ એને અહી લાવું
ક્ષણ એકમાં જઈ હું પહોચું, જરા નહી ઘબરાવું જાવું

શુરસીંહ– ગાયન ૯ રાગ લાવણી.
કરૂ વિનંતી હે મુજરાય સીના દીલધારી
આવ્યો તેડવા આપ કુમાર કરો તૈયાર
મુજ મહીપતરાય બોલાવે તેમને આજે
મન લાવી હોંસ અપાર કરો સુભ કાજે
માટે કરશો નહી તમો વાર આવો મુજ સાથે
પુરે મનના મનોરથ આપ સદા જગનાથે

વિજયસીંહ–ગાયન ૧૦ રાગ શીવાજી શુરવીર પ્યારા મારા.
પુત્ર અમારા શુરા વિરા જાવો જલદી આ વાર
પાટણ જઈ કિરતી ગજાવો આનંદ પામી અપાર

તેજમલ—આપ વચન હું શીરે ચડાવી જાઉં હાથને હાલ
વિજયસીહ—ભલે પધારો પુત્ર અમારા જોઇ ઉપજે વહાલ
સાહેલીઓ— ગાયન ૧૧ રાગ બોલો બોલોને હાંહારે

ચાલો ચાલોને [૨] બેનીઓ સાથ કુવર નહવરાવા
લીઓ લીઓને [૨ જળપાત્રો હાથ કુંવર નહવરાવા
બગીચા અંદર આપ્યો ઉતારો જઇએ જલદી સાંયરે
પરીક્ષા જોવી એની આપણે સારે શાંન્તી પમાય કુવર
નર છે કે નારી એતો કરવી એની તપાસરે
મહીપત રાજાનો હુકમઉઠાવી જઇએ એની પાસ કુવર

સાહેલીઓ—ગાયન ૧૨ રાગ નમેલી ઝુકેલી નારી ચાલે.

રસીલા છબીલા તમો રગીલા કુવરજી નહાવા જલદી ચાલેને
નહવરાવ સૌ આવી દાસીઓ હર્સ ધરી મન મહાલોને
તમો ચાલો ચાલો જલદી ચાલોરે

તેજમલ—કેમ ઝાલો ઝાલો મુજને ઝાલોરે

સાહેલીઓ—ઝટ ચાલોરે

તેજમલ—નવ ઝાલોરે

નહી આવું નહી આવું, નહી આવું, નહી આવું, રસી

તેજમલ— ગાયન ૧૩ રાગ ધમ્રોજી.

શું કરો વિચાર હું નથી તાબેદાર જાઓ રંડા
અહીથી ઝટ ઝટ ઝટ
ધીકરે નાદાર થાવો શું બમાર નીકળો અહીથી બાર
તમો સટ સટ સટ

મહીપતસીંહ—જુવો શું સરદાર પકડો આ ગમાર નાસે શું નકાર
તુને ફટ ફટ ફટ
તું નથી ક્ષત્રી બાળ,મને દીસેછે સીયાળ સીંહ,સામે ભરે ફાળ
ચાલ છટ છટ છટ
ગાયન ૧૪ રાગ સાચો સાહેબ જગ કીરતાર.
તેજમલ–સહાય થજો જગદાર, તમો ઉતારો ભવપાર
નથી મારે એક આધાર, મરી જાઉ ખઈને કટાર
સતી દ્રોપતીના ચીર તો પુર્યા ઉગારી અહલ્યા નાર. તમો
પહેલાદ જેવા ભગતોને તાર્યા, વસ્યા છો થંભ મોઝાર. તમો
ભગત વછળ પ્રભુ ભાવ ધરીને, ચડયાછો પાંડવોની વાર તમો
નીસદીન ધ્યાન ધરૂ હું તો તારૂ, નથી એકે આધાર
નીજ બાળકપર રહેમ કરીને, વારે ચઢોને મોરાર
અદ્ભુત રચના તારી છે જગમાં, કરૂણા કરો કીરતાર
તેજમલ— ગાયન ૧૫ રાગ સુંદીર શામળીયા
મનહર માતાજી, સહાક થયા તમો મુંજને
કરૂણા ખુબ કરી, સેવક નમે નીત તુજને મનહર
સંકટ સમયે સહાય કરી તમે, પુરશાતન આપ્યું અમને મનહર
અકળગતી મેં જાણી તારી, ઉગારી લીધો મુજને મનહર
વીશ્વ વિસે છે અકગતી તુજ, પામર જાણે શું મનને મનહર
તેજમલ— ગાયન ૧૬ રાગ અશ્વ દોડાવી.
મારા પીતાજી સતવર તમો થાઓ હવે તૈયાર
ક્ષત્રી જન્માની લાજ લેવા બેઠો નીચ આચાર
મુજ મન કેરા પુર્યા મનોરથ માજીએ આ વાર

નીચ અધરમી ચડી ગયો છે કરતો નથી વિચાર   પ્યારી

વિજયસીંહ— ગાયન ૧૭ રાગ ક્ષત્રી કલંક

ઓ નીચ અધરમી ચંડાળ, ક્ષત્રીની લાજ લેવાં બેઠાર

આય સીંહ સામો સુ શીયાળ ક્ષત્રીની

નીચ પાપી છે તુજ બાળ ક્ષત્રીની

આવ્યો નજીક હવે તુજ કાળ ક્ષત્રીની

ધીક ધીક છે તને ચંડાળ ક્ષત્રીની

કાપે બેસવાની તું ડાળ ક્ષત્રીની

જાલીપતસીંહ— ગાયન ૧૮ રાગ કામી શું ના કરે

શાન્તી મનમાં ધરો, ઓ શાણા રાજારે; શાન્તી

કુંઠું બોલી બાળા મારી, પ્રપંચ કીધો એણે ભારી

ગુનો માફ કરો શાન્તી

અબળા બુદ્ધી ઓછી જાણો, આપ કુવરતો છે બહુ શાણો

મનના તાપ હરો શાન્તી

હમણા એને સાથે લાવાવું, પછી મન ધરમાં જઇ ખાવું

ધીરજ દીલમાં ધરો શાન્તી

સર્વ— ગાયન ૧૯ રાગ ઇંગ્લીસ

ઇશ્વર અમપર તારો છે ઉપકાર

માનીએ મનમાં તારો આભાર

સહાય સદાય શ્રી મોરાર

સેવક જનોની ચડજે વાર

તાર વાર, ઉગાર નાર

જય જય જય

સમાપ્ત

છપાઈ બહાર પડી ચુક્યો છે; માટે તાકીદે મંગાવો.
વીવેકી મહસયો, તમે તમારી દીલગીરના વખતમાં ખરેખરો આનંદ મેળવવો હોય તો આ નીચેનો ગ્રન્થ ખરીદી કૃતાર્થ થશો.

સર્વ પ્રકારના રસાલંકારથી
એક રસીક નવલ કથા

મદનચંદ્ર-નવનીતકળા.

પ્રિય વાચક વૃન્દ

કેળવણીની ધ્વજા ભારત વર્ષના નવે ખંડોમાં ફરૂકવા લાગી, વિદેશીય પવન પ્રહારથી છેક ગગનને ભેટવા અધર ઉડવા લાગી છતાં હજુ સંસાર--સુધારાનું નાવ મધ ભારતીય મહા સાગર વચ્ચે ડુબતુ બચ્યું નહિ, તેવાજ નિવારણુ માટે આ નવલ કથા એક અમૃતસંજીવિની ઔષધ છે.

સરસ્વતીચંદ્રની કથામાં જેમ કુસુદના બે ભવ થયા હતા તેમ આ નવલકથામાં સંસાર—કુધારાને લીધે એક પુર્ણુ કેળવાયેલા ભારતનર મદનચંદ્રના બે ભવ થયા જેવું થયું છે. છતાં તેણે પોતાના જીવનને મહત્વ પંકિતએજ જાળવી રાખ્યું છે.

આ નવલકથા વિષયે પ્રથમથી અધિક વિવરણુ ન કરતાં તે સર્વ બાબયોને આનંદ સાથે લોક-કલ્યાણકર અને સંસાર-સુધારક થઇ પડ્યુ છે માટે તાકીદે મંગાવો તે કીમત રૂ. ૧-૮-૦ લેવામાં આવશે. પોસ્ટેજ જુદુ વી. પી. થી મોકલવામાં આવશે.

મળવાનું ઠેકાણું
કેશવલાલ મગનલાલ તંત્રી હર્ષતરંગ
ઠે. કાળુપુર ભંડેરીપોળ સામે-અમદાવાદ

થોડા દીવસમાં છપાશે માટે તાકીદે નામ નોંધાવો ! !

ભયંકર ભૂત.

પ્રિય મિત્રો ! આ ભયંકર ભુત કોણ છે ! ક્યાંથી ઉત્પન્ન થયો ! તે કોણ હતો, ! તેણે શું પરાક્રમ કર્યું ! તે ભુત હતો કે કોણ ! તેને કોણે આળખ્યો ? એ પ્રપંચી શા રીતે જણાશે ! તેણે શું પરાક્રમ કર્યું ! તેના પરાક્રમથી ભય પામેલા કોણ હતા ! કયા શુરવિર પુરૂસે તેને ઓળખ્યો ! તેનો ઉંડો ભેદ શો હતો ! એ વિષયમાં રાજ પ્રપંચ, પ્રધાન મંડળ પ્રપંચ, પ્રજા પ્રેમ ભાવ, તથા દુરાજરણુ નોકર વર્ગનો ચિતાર આબેહુબ બતાવવામાં આવશે ।

લેખ લખનારાઓ લેખ લખીને લેખ વાંચનારાઓ હૃદયમાં પોતાના વિચારનું ચિત્ર જુદી જુદી રીતનું બતાવે છે—મારે તો ન વિન્નુ ચિત્ર બતાવવાનું છે કે જે ચિત્ર તમારા સ્પપ્નનાં પણ જોવામાં આવ્યું નહી હોય—જે ચિત્ર તમારા માત પિતાઓએ જોયુંજ નહી હોય—જે ચિત્ર જેયપુર નિવાસિ ચિત્રકારોએ ચિતર્યું નહિ હોય —તે ચિત્ર વારતા દ્વારએ ચિતરીને બતાવવાનું છે. તમારી ગરજ હોયતો ગ્રાહક થજો અમારે કાંઇ તમારી ગરજ નથી. પરંતુ જેઓ રસને જાણનારા ભમરાની માફક પ્રેમી પુરૂશો હશે તેઓજ માત્ર અમારા ગ્રાહક થશે તે પુસ્તક સપ્ટેમ્બર આશરે બહાર પડશે; તે પુસ્તકની કિંમત રૂ ૧] મુકવામાં આવી છે તેનો લેખકરાજ કવિ હર્ષદરાય સુંદરલાલ મુનસી છે ટપાલ ખર્ચ જુદુ. વી. પી. થી મોકલવામાં આવશે. " નામ નોંધાવાનું ઠેકાણું.

કવિ હર્ષદરાય સુંદરલાલ મુનસી.

ઠે૦ ખાડીયા.મ અર્જુનલાલની ખડકી—અમદાવાદ

સુચના.

આ પુસ્તક તથા નીચેના પુસ્તકો અમારે ત્યાંથી રોકડી કીમતે અગર વી. પી. થી મોકલવામા આવશે.

કોઈ વેહેપારીને સામટાં લેવા હશે તો તેને કીફાયત ભાવે આપવામાં આવશે.

હરેક ચોપડીઓનુ પોસ્ટે જ જુદુ

મદનચંદ્ર અને નવનિતકળા	૧-૮-૦
પરમાર પૃથુસિંહ (સતી મેના) ભાગ ૧ લો કી	૧-૪-૦
પરમાર પૃથુસિંહ [સતી મેના] ભાગ ૨ જો કી.	૧-૮-૦
સૌભાગ્ય સવિતા અને તરૂણ પુરૂષ કી.	૦-૧૨-૦
ગંદ્ર-મણી યાને સંસાર સુધારકસાર કી.	૦-૮-૦

આ શીવાય ઘણી જાતના પુસ્તકો નીચેના સરનામેથી મળશે

મળવાના ઠેકાણા.

ગોવિંદલાલ બાલાભાઇ ચોકશી.

ઠે. ઢાળની પોળમાં જગાભાઇની પોળ—અમદાવાદ

પટેલ મણીલાલ દોલતરામ બુકશેલર

ઠે. રીચીરોડ—અમદાવાદ

ખત્રી. પરશોતમ મુળચંદ

ઠે. [illegible] રેશમની દુકાન—મું[illegible]